# સે-૨૭ એસઆરપી કવાટર્સમાં જવાનનું શંકાસ્પદ મૃત્યુ

## મૃતદેહનો કમરથી માથાનો ભાગ પાણીની ટાંકીમાં અને કમરથી પગનો ભાગ બહારની બાજુ લબડતી હાલતમાં મળતા ચકચાર : સે-૨૧ પોલીસે તપાસ તેજ બનાવી

ગાંધીનગર, તા.૨૭

શહેરના સેકટર-૨૭ એસઆરપી કવાટર્સ ખાતે જ ટાઈપના મકાનમાં એક એસઆરપી જવાનનું શંકાસ્પદ હાલતમાં મૃત્યુ થવા પામ્યું છે. પાણીની ટાંકીમાં અડધુ શરીર અંદર અને અડધુ બહારની બાજુ લબડતી હાલતમાં હતું. એસઆરપી કંટ્રોલ રૂમમાંથી ગાંધીનગર પોલીસને જાણ થતા સે-૨૧ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને મૃતદેહ પીએમ માટે મોકલી મૃત્યુનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

ગાંધીનગર સ્થિત એસઆરપીના કંટ્રોલ રૂમમાંથી ગાંધીનગર પોલીસને મેસેજ મળ્યો હતો કે સે-૨૭ જ ટાઈપ બ્લોક નં. ૯/૧૦ ખાતે એસઆરપી કવાટર્સમાં રહેતા એક ૫૪ વર્ષીય જવાનનો અડધો પાણીની ટાંકીમાં અને અડધો બહાર લટકતો મૃતદેહ પડયો છે. જેને આધારે સે-૨૧ પોલીસ મથકના પીએસઆઈ વી.આર. વસાવા તેમની ટીમ સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. મુળ હરિયાણાના જવાન રામાનંદ માથુરામ યાદવનો મૃતદેહ હતો. સે-૨૧ પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃત્યુનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે. મૃતક જવાનનો પરિવાર હરિયાણા રહે છે. મૃતદેહ પોસ્ટ મોર્ટમ બાદ એસઆરપી ગ્રુપ-૧૨ના અધિકારીને સોંપવામાં આવ્યો છે. પોસ્ટમોર્ટમ દરમિયાન વિશેરા લઈ સેમ્પલ એફએસએલ ખાતે મોકલવામાં આવ્યા છે. મૃતકના શરીરમાંથી વધુ પ્રમાણમાં પાણી મળ્યું ન હોવાથી ડુબી જવાથી મૃત્યુની શકયતા ઓછી હોવાનું સુત્રો પાસેથી જાણવા મળ્યું છે. હાર્ટ એટેકથી મૃત્યુ થયુ હોવાની પણ શકયતાઓ પ્રાથમિક તપાસમાં વર્તાઈ રહી છે. જો કે સે-૨૧ પોલીસે અન્ય દિશાઓમાં પણ તપાસ શરુ કરી છે.

# વિદેશી ખેતી વિનાશકારી છે : સુભાષ પાલેકર

## જીરો બજેટ સજીવ ખેતી મહાશિબિરનો પ્રારંભ : ખેતરમાંથી ખળી ગઈ એટલે આ સ્થિતિ ઉભી થવા પામી છે : પુરૂષોતમ રૂપાલા : ખેડુતોએ પ્રયોગાત્મક દિશામાં ડગ ભરવા પડશે : ભુપેન્દ્રસિંહ ચુડાસમા

ગાંધીનગર, તા.૨૭

ભારતીય કિસાન સંઘ ગુજરાત પ્રદેશ અને કૃષિ-સહકાર વિભાગ, ગુજરાત રાજય આયોજીત જીરો બજેટ આધ્યાત્મિક ખેતી મહાશિબિરનો ઉદઘાટન સમારોહ પેથાપુર શાંતિ નિકેતન કેમ્પસ ખાતે સવારે ૧૦ કલાકે યોજાયો હતો. પાંચ દિવસ સુધી ચાલનારી આ શિબિરમાં પદ્મશ્રી સુભાષ કાલેકર સજીવ ખેતી વિશે ખેડુતોને માર્ગ દર્શન પુરુ પાડશે. સમગ્ર ગુજરાતમાંથી ખેડુતો મોટીસંખ્યામાં આ શિબિરમાં ભાગ લેવા આવી પહોંચ્યા હતા.

આ સજીવ ખેતીના ઉદ્‌ઘાટન સમારોહમાં કૃષી મંત્રી પરૂષોતમ રુપાલા (રાજયકક્ષા) ભારત સરકાર, કૃષી અને ઉર્જા મંત્રી ચિમનભાઈ સાપરીયા, શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, કૃષી રાજયમંત્રી વલ્લભભાઈ વઘાસીયા, કૃષી-સહકાર વિભાગના અગ્ર સચિવ સંજયપ્રસાદ, ખેતી નિયામક ડો.બી.આર.શાહ, અખિલ ભારતીય સજીવખેતી વિભાગના રતનલાલ ડાગા ઉપસ્થિત રહ્યા હતા. આમંત્રિત મહેમાનોના હસ્તે દિપ-પ્રાગટય કરીને કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. કિસાન સંઘ દ્વારા મહેમાનોનું સ્વાગત બુકે તેમજ શાલ ઓઢાડી કરવામાં આવ્યું હતું. આ ઉદ્‌ઘાટન પ્રસંગે પોતાના વકતવ્યમાં મંત્રી ચિમનભાઈ સાપરીયાએ જણાવ્યું હતું કે આ શિબિરમાં પ્રશિક્ષણ મેળવી ખેડુતો જીરો બજેટમાં ખેતી કરે તે દિશામાં પ્રયત્ન કરવામાં આવ્યો છે તે પ્રશંસનીય છે.આજની રાસાયણીક દવાના ઉત્પાદનથી કૃષીને મોટી અસર થઈ છે.

જયારે ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ ખેડુતોને સંબોધતા જણાવ્યું હતું કે મંત્રી મંડળમાં વિભાગ ગમે તે રહ્યો હોય પરંતુ વિષય ખેતી રહ્યો છે.જયારે ખેડુતોમાં અક્ષરજ્ઞાનને કારણે ખેતીમાં ઉણપ જોવા મળે છે. આ શિબિરમાં યોગ્ય માર્ગદર્શન, પધ્ધતિ, સમસ્યાનો ઉકેલ જાણવા મળે છે. ગ્લોબલ વોર્મીગને કારણે ખેડુતોને વરસાદ મોડો વરસાદ પડે તો કયા પાકની ખેતી કરવી, શેની ખેતી કરવી તેની સમજ પડતી નથી.ખેડુતોએ પ્રયોગોત્મક દિશામાં હાંકલ કરવી પડશે. જમીનનો સ્વભાવ છે પાક બદલો તો ઉત્પાદન વધશે.




જયારે મંત્રી પરૂષોતમ રૂપાલાએ પ્રાસંગીક ઉદબોધનમાં કહ્યું હતુ કે ખેતરમાંથી ખળી ગઈ એટલે આ સ્થિતિ ઉભી થઈ છે. ખેતી પ્રધાનદેશમાં ખેડુતને પદ્મશ્રી મળતા ૭૦ વર્ષ લાગ્યા.ખેડુત જો સ્થિરતા અને ધૈર્ય રાખે તો સજીવ ખેતી થી ઉત્પાદન બમણુ કરી શકે છે અને ભારત સરકારની કૃષિને લગતી વિવિધ યોજનાઓ જણાવી હતી. આ પ્રસંગે ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ગુડાના ચેરમેન આશિષ દવે, મનપાના મેયર પ્રવિણ પટેલ, ભારતીય કિસાન સંઘના હોદેદારો, કૃષિ વિભાગના કર્મચારીઓ તેમજ ખેડુતો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. પાંચ દિવસ સુધી પેથાપુર શાંતિનિકેતન સંકુલ ખાતે રહીને ખેડુતો સજીવ ખેતી વિષય પર સુભાષ પાલેકરનું મનનીય માર્ગદર્શન મેળવશે.

# પ્રાંતિજ ખાતે શ્રી માલ્કડેશ્વર મહાદેવ દાદાની સવારી નિકળી

## દાદાએ ભકતોના ઘરે ઘરે જઇ પધરામણી કરતાં ભકતોએ દાદાની આરતી ઉતારી પ્રસાદ વહેંચી ધન્યતા અનુભવી





પ્રાંતિજ, તા.૨૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ શ્રી માલ્કડેશ્વર મહાદેવ દાદાની દરવર્ષ ની જેમ આ વર્ષેપણ મંદિર ના વ્યવસ્થા સ્થાપકો દ્વારા વાજતે ગાજતે સવારી કાઢવામાં આવીહતી જેમાં શિવભકતો દ્વારા શ્રી માલ્કડેશ્વર દાદાની પધરામણી ધરે કરાવી આરતી ઉતારી પ્રસાદ વહેંચી ધન્યતા અનુભવી હતી.

નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ પાંડવોના સમયથી અતિ પ્રાચીન મંદિર શ્રી માલ્કડેશ્વર મહાદેવની દરવર્ષની જેમ જન્માષ્ટમીના દિવસે પાલખી સ્વરૂપે નગરયાત્રા કાઢવામાં આવીહતી અને અગાઉથી નોંધણી થયેલ શિવભકતોના ધરે દાદાની પધરામણી કરવામાં આવીહતી.

જયારે શ્રી માલ્કડેશ્વર મહાદેવ દાદાની સવારી વર્ષમાં બે વખત નિકળે છે. જેમાં શિવરાત્રી તથા જન્માષ્ટમી એમાં શિવરાત્રી ના દિવસે દાદાની સવારી નાની ભાગોળ, બજારચોક તથા ગામના અંદરના રૂટોમાં જાય છે જયારે જન્માષ્ટમીના દિવસે હાઈવે એપ્રોચરોડથી ભાંખરીયા વિસ્તારમાં આવેલ વિવિધ સોસાયટી ઓમાં તથા દુકાનોમાં પધરામણી થાયછે. આમ આવર્ષે પણ શ્રી માલ્કડેશ્વર દાદાની સવારી દરવર્ષ ની જેમ ઢોલ નગારા સાથે વાજતે ગાજતે નિકળી હતી અને દાદાએ ભક્તોના ધરે ધરે જઈ આશીવાર્દ આપ્યાહતા.જયારે ભકતો દ્વારા દાદાની પધરામણી કરાવી દાદાની આરતી ઉતારી પોતે ધન્યતા અનુભવી હતી.

# ભાજપના શાસનમાં 'ઘરના ઘર'નું સ્વપ્ન ચકનાચુર : કોંગ્રેસ

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત રાજયમાં કોંગ્રેસ પક્ષની ઘરના ઘરની યોજના સામે ૫૦ લાખ મકાનો આપવાની જાહેરાત કરી સત્તા મેળવનાર ભારતીય જનતા પાર્ટીની સરકારે ચાર વર્ષ થવા છતાં માત્ર ૧૦ ટકા જ લક્ષ્યાંક પુરો કરતા ગરીબી અને સામાન્ય વર્ગના મોટા ભાગના લોકોના સપના ચકનાચૂર થઈ ગયા છે. પોતાનું ઘર સંભાળી નહીં શકનાર ભાજપ સરકારે સત્તાની લાલચમાં વર્ગ વિગ્રહ કરાવવા સાથે અનેક ઘરના કૂળદિપક છીનવી લીધા છે ત્યારે ગુજરાત વિધાનસભાની આગામી ચૂંટણીમાં પ્રજા ભાજપને ઘર ભેગો કરી જડબાતોડ જવાબ આપશે એમ ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે.

કોંગ્રેસના પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, ગઈ ચૂંટણીમાં કોંગ્રેસ દ્વારા ઘરના ઘરની યોજના અંગે જાહેરાત કરવામાં આવી હતી તેને જબરજસ્ત આવકાર મળતાં ભાજપ દ્વારા તેના ચૂંટણી ઢંઢેરામાં ૫૦ લાખ મકાનો આપવાની જાહેરાત કરી સત્તા મેળવી હતી. પરંતુ આજે ચાર વર્ષ પુરા થવા આવ્યા હોવા છતાં એકપણ શહેરી વિસ્તારમાં આવાસ સુવિધાનો ૧૦ ટકા લક્ષ્યાંક પણ પુરો કરવામાં આવ્યો નથી. ભાજપ દ્વારા મોટી ગુલબાંગો પોકારી રાજ્યના દરેક શહેરી વિસ્તારોમાં ઝુંપડપટ્ટી નાબુદ કરી માળખાગત સુવિધાઓ સાથે આવાસો પુરા પાડવાની યોજના અમલમાં મુકવામાં આવી છે. મુળ ભારત સરકારની આ યોજનાને પોતાના નામે બનાવી ભાજપ સરકારે રાજયને સ્લમ ફ્રી કરવાની પોકળ જાહેરાતો કરી હતી. વાસ્તવમાં આ યોજના માટે સરકાર દ્વારા ૨૧૬.૮૨ કરોડ રૂપિયા એફોર્ડબલ હાઉસીંગ મિશનને આપવામાં આવ્યા હતા. પરંતુ અત્યાર સુધીમાં માત્ર રૂ. ૪૦.૩૩ કરોડ એટલે કે ૧૧ ટકાનો જ ખર્ચ કરવામાં આવ્યો છે. આ પ્રકારના મકાનો માટે અયોગ્ય જગ્યાથી લઈ ઊંચા ભાવ, પાણી લીકેજ થાય તેવું બોગસ બાંધકામ, અપુરતી સુવિધા, પાણી-ગટર વ્યવસ્થાનો અભાવ, ગેસ જોડાણની સુવિધા વિના લાભાર્થીઓને પારાવાર મુશ્કેલીઓ વેઠવી પડે છે.



એક તસવીર વગર બોલ્યે ઘણું બધું કહી શકે છે. ભારતીય સંસ્કૃતિના વિવિધ પાસાને લેખક, કવિ, પત્રકાર, ચળવળકાર કે સંશોધકની દૃષ્ટિએ અલગ જ અંદાજથી જોવાનો પ્રયત્ન જે ફોટોગ્રાફર્સે કર્યો છે તેવા તસવીરકારોની બેનમૂન તસવીરોના પ્રદર્શનનો ગાંધીનગરની નેશનલ ઈન્સ્ટિટયુટ ઓફ ડિઝાઈન-એનઆઈડી ખાતે પ્રારંભ થયો છે. આ પ્રદર્શન તા. ૯મી સપ્ટેમ્બર સુધી દરરોજ સાંજે ૪ થી ૮ વાગ્યા દરમિયાન ખુલ્લુ રહેશે.

# સૂરતનો ૨૩ વર્ષથી વોન્ટેડ આરોપી અરવલ્લી એલસીબીએ ઝડપી લીધો

અરવલ્લી, તા. ૨૭

પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગાંધીનગર વિભાગ, ગાંધીનગરનાઓની સૂચના મુજબ અરવલ્લી જિલ્લામાં શાંતિ અને કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ ગુન્હાઓમાં નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવાની કામગીરી કરવા સૂચના આપવામાં આવેલ જે સૂચનાઓ મુજબ પોલીસ અધિક્ષકશ્રી કે.એન. ડામોર અરવલ્લી જિલ્લાનાઓ તરફથી અસરકારક કામગીરી કરવા સૂચના આપતાં પી.એસ. પરમાર, ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેટર, એલસીબી તથા સ્ટાફ દ્વારા જરૂરી બાતમીદારો રોકી સૂરત શહેર ઈચ્છાપોર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર. નં. ૭૪/૧૯૯૩ ઈ.પી.કો. ક. ૪૦૯, ૪૧૯, ૪૬૬, ૪૬૮, ૪૭૧, ૧૨૦બી મુજબના કામે નાસતો ફરતો આરોપી ભગાભાઈ હાથીભાઈ ડામોર રહે. લાલાકૃપા (લીબોદરા) તા. મેઘરજ, જિ. અરવલ્લીનાનો તા. ૨૬-૮-૧૬ના રોજ મોડાસા બાયપાસ, મેઘરજ રોડ ચાર રસ્તા ઉપર મોડાસા મુકામે અટક કરવામાં આવેલ છે. આમ અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસ દ્વારા નાસતો ફરતો આરોપીને શોધી કાઢવામાં સફળતા સાંપડેલ છે.





વાવોલ ગ્રીનસીટી સોસાયટી ખાતે જન્માષ્ટમીના તહેવારની પરંપરાગત ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં ભજન કિર્તન ઉપરાંત મટકી ફોડ, કૃષ્ણ જન્મોત્સવ, નંદ મહોત્સવ જેવા પ્રસંગો ઉજવવામાં આવ્યા હતા. આ ઉત્સવમાં સોસાયટીના બાળકો સહિત તમામે ભારે હર્ષોલ્લાસથી ભાગ લીધો હતો.

# આજે ઊંઝામાં ચિંતન બેઠક

ઊંઝા, તા. ૨૭

તાજેતરમાં ઊંઝા ખાતે કડવા પાટીદારોના કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાનની જનરલ સભામાં થયેલ તોફાન તેમજ આજ દિવસે મોડી સાંજ પાલિકા પ્રમુખના પતિ અને પૂર્વ પાલિકા પ્રમુખ અને તેમના પુત્ર પર હિંસક હૂમલો, લૂંટની ગંભીર ઘટનાઓને પગલે શહેરમાં વધતી જતી ગુંડાગર્દી, દાદાગીરીને ડામવા તેમજ યુવાધનને ખોટા રસ્તે જતા અટકાવવાના આરોપે આવતીકાલે ઊંઝા ખાતે ઉનાવા દેશની વાડીમાં સાંજે ૪.૦૦ વાગે ઊંઝા આંટા કડવા પાટીદાર સમાજની એક ચિંતન બેઠકનું આયોજન કરવામાં આવ્યું હોવાનું સ્થાનિક અગ્રણી અને ઊંઝા નાગરિક સહકારી બેંકના પ્રમુખ કાન્તિભાઈ એમ. પટેલ (કામુ)એ જણાવ્યું હતુ.

દરમિયાન ઊંઝામાં હિંસા માટે જવાબદાર કોણ ? એ શિર્ષક હેઠળ સ્થાનિક આગેવાન, પૂર્વ પાલિકા પ્રમુખ અને સ્થાનિક ના.સ. બેંકના પ્રમુખ કા.મુ. પટેલે એક પત્રિકા બહાર પાડી છે. જેમાં તાજેતરમાં ઊંઝામાં બનેલ ગંભીર ઘટનાઓથી શહેરની શાંતિ જોખમાઈ હોવાનો ઉલ્લેખ કરી રાજકીય ખીચડી પકવતા આગેવાનને હવે બસ થયું એવું કહેવાનો સમય આવી ગયો છે.

આવી સ્થિતિમાં આપણે સૌ એકત્ર થઈને ચિંતન કરી સંગઠિત થઈને આવા તત્વોને જાકારો આપવા મા ઉમા શક્તિ આપે તેવી પ્રાર્થના કરીએ તેમ વધુમાં જણાવ્યું છે.

### શરીફનું કદમ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પાકિસ્તાન વચ્ચે તંગદિલી ચરમસીમા ઉપર પહોંચી હતી. જે હજુ સુધી અકબંધ રહી છે. ગયા મહિને કાશ્મીરમાં હિઝબુલ મુજાહિદીનના ત્રાસવાદી બુરહાન વાનીને એન્કાઉન્ટરમાં ઠાર મારી દેવામાં આવ્યા બાદ છેલ્લા દોઢ મહિનાથી હિંસાનો દોર ચાલી રહ્યો છે. આ હિંસામાં હજુ સુધી ૭૦ લોકોના મોત થઈ ચુકયા છે. પાકિસ્તાન આ મુદ્દાને લઈને આંતરરાષ્ટ્રીય સમુદાય સમક્ષ રજુઆત કરવાના મૂડમાં છે. પાકિસ્તાની મીડિયાને ટાંકીને અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે વડાપ્રધાન નવાઝ શરીફે આ મુદ્દા પર પ્રકાશ ફેંકવા માટે ખાસ દૂત તરીકે ૨૨ સાંસદ સભ્યોની નિમણૂંક કરી છે. પાકિસ્તાને ભારત સામે નારાજગી રજુ કરવાની ગણતરીરૂપે આ હિલચાલ હાથ ધરી છે.

### વિસ્તૃત ચર્ચા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કે મોદી તમામને આશ્ચર્યચકિત કરીને લાહોર પહોંચી ગયા હતા. પરંતુ ત્યારબાદ પઠાણકોટમાં હુમલો કરવામાં આવ્યો હતો. રાજનાથસિંહ પણ ઈસ્લામાબાદ પહોંચી ગયા હતા. કમનસીબરીતે પાકિસ્તાન દ્વારા વારંવાર વાતચીત કરવાની તક ગુમાવી દેવામાં આવી રહી છે. જો તે કાશ્મીરમાં શાંતિ ઈચ્છે છે તો તેને પહેલ કરવી જોઈએ. હિજબુલના ત્રાસવાદી બુરહાન વાનીના મોત બાદ કાશ્મીર ખીણમાં હિંસા ભડકી ઉઠ્યા બાદ મોદી સાથે મહેબુબાની આ પ્રથમ બેઠક હતી.

# અરવલ્લી જિલ્લા ખેલ મહાકુંભ માટે ૧૫મી સપ્ટેમ્બર સુધી રજીસ્ટ્રેશન

અરવલ્લી, તા. ૨૬

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર દ્વારા અરવલ્લીમાં યોજાનાર ખેલમહાકુંભ ૨૦૧૬માં વિવિધ ૨૧ રમતો અને રાજ્ય કક્ષાએ ૯ રમતોનું આયોજન થશે.

રજીસ્ટ્રેશન કરવા માટેની વેબસાઈટ www. khelmahakumbh. org છે અને www. khelmaha kumbh- 2016 એન્ડ્રોઈડ અને આઈઓએસ મોબાઈલ એપ પરથી પણ રજીસ્ટ્રેશન કરી શકાશે. અરવલ્લી જિલ્લામાં ભાગ લેનાર ખેલાડી-સંસ્થાએ ઓનલાઈન રજીસ્ટ્રેશન માટે ઓનલાઈન ફોર્મમાં અરવલ્લી જિલ્લાની પસંદગી કરી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.

ચાલુ વર્ષ દરમ્યાન યોજાનાર ખેલમહાકુંભની રમતો માટેનું રજીસ્ટ્રેશન કરવા માટે તારીખ ૧૫-૯-૨૦૧૬ સુધીમાં કરવાનું રહેશે. જે ઓનલાઈન રજીસ્ટ્રેશન માટેની છેલ્લી તારીખ રહેશે. વધુમાં વધુ ખેલાડીઓ સ્પર્ધામાં ભાગ લે તેવું આયોજન શાળા-કોલેજ દ્વારા કરવાનું રહેશે.

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT | KisaN | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ